## સે-૨માં ઝાડ પરથી નીચે પટકાતા રહીશનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨-એ પ્લોટ નં. ૧૨૦૮/૧ ખાતે રહેતા અને મુળ પ્રાંતિયા વિસ્તારના રહેવાસી ૪૮ વર્ષીય પ્રવિણભાઈ ગોવિંદભાઈ પટેલ આજે બપોરના અરસામાં ઘર આંગણે આંબા પર ચઢયા હતાં. ડાળીઓ કાપવા માટે ઝાડ પર ચઢેલા પ્રવિણભાઈ નો પગ લપસી જતા ઝાડ પરથી નીચે પટકાતા માથે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં જો કે ગંભીર ઈજાઓને પગલે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે મૃતદેહ નું પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## મકાનના દરવાજાનું તાળુ તોડી દાગીના અને લેપટોપની ચોરી

### સેકટર-૨૬ ન્યુ ગ્રીનસીટી વિસ્તારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવાયુ : ૮૩ હજારની મત્તા સાફ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ન્યુ ગ્રીનસીટી વિસ્તારમાં ગઈકાલે સાંજના અરસામાં તસ્કરો ત્રાટક્યા હતા. એક બંધ મકાનનું તાળુ તોડીને મકાનમાંથી સોનાના દાગીના તથા લેપટોપ મળીને રૂ. ૮૩ હજારની મત્તા ચોરી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. સે. ૨૧ પોલીસે આ બનાવ સંદર્ભે ગુનો દાખલ કરીને સેકન્ડ પી.આઈ. શેખે વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૬ ન્યુ ગ્રીનસીટી વિસ્તારમાં પ્લોટ નં. કે-૧૧૯ ખાતે પોતાની સખીઓ સાથે રહેતી યુવતી ખુશ્બુ સુરેશચંદ્ર પરમાર કેમ્બે રીસોર્ટ ખાતે નોકરી કરે છે. ગઈકાલે સાંજે પોતાનું મકાન બંધ કરીને સાંજે ૬ વાગ્યે કપડાની ખરીદી કરવા ખુશ્બુ નિકળી હતી. રાત્રે ૯ વાગ્યે ઘરે પરત ફરી ત્યાં સુધીમાં તસ્કરો તેણીના મકાનમાં હાથફેરો કરી ગયા હતા. બંધ મકાનનું તાળુ તોડીને મકાનમાંથી સોનાની ચેઈન, વીંટી એક મોબાઈલ અને લેપટોપ મળીને કુલ રૂ. ૮૩ હજારની મત્તાની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. ખુશ્બુએ સે. ૨૧ પોલીસને આ ઘરફોડ સંદર્ભે જાણ કરતાં પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડોગસ્કવોર્ડ અને ફિંગરપ્રીન્ટ નિષ્ણાંતની ટીમ મોકલી વૈજ્ઞાનિક ઢબે તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પોતાના હક માટે ધક્કા ખાતા નિવૃત્ત ગ્રામ સેવકો

ગાંધીનગર, તા.૧૫

જિલ્લા પંચાયત, ગાંધીનગરના ખેતીવાડી ખાતામાં ફરજ બજાવતા ૧૭ કર્મચારીને ૩૦/૧૧/૧૯૮૨ના દિવસ દરમિયાન એક દિવસનો બ્રેક સળંગ કરવા બાબતે અગાઉના જિલ્લા વિકાસ અધિકારી ગાંધી સાહેબ દ્વારા તાત્કાલીક અસરથી આદેશ કરવામાં આવ્યો હોવા છતાં પણ આ મામલો છેલ્લા ૧૭ મહિનાથી અધ્ધરતાલ થઈ ગયો છે.

જિલ્લા પંચાયત ખેતીવાડી શાખામાં પોતાની આખી જિંદગી નોકરી કરી હોય તેવા કર્મચારીઓ જેને નિવૃત્ત થયે પણ પાંચ વર્ષથી પણ વધુ સમય થયો હોય તેવા કર્મચારીઓને પણ આજ દિન સુધી નિવૃત્ત થયા પછી પણ રોજ ધક્કા ખાવા માટે મજબુર થવું પડે છે. આજની આવી કારમી મોંઘવારીમાં કર્મચારી પોતાના વતનમાંથી રોજબરોજ જિલ્લા પંચાયત સુધી ધક્કા ખાઈ પોતાની નોકરી ઉપર પછતાવો થઈ રહ્યો છે.

જિલ્લા પંચાયતના ૧૭ ગ્રામસેવકો જેમાંથી મોટા ભાગના કર્મચારીઓ રીટાયર્ડ થઈ ગયા છે અને ઘણા રીટાયર્ડ થવાના આરા ઉપર છે. આ કર્મચારીઓને જયારથી નોકરી ઉપર લાગ્યા ત્યારનો પ્રશ્ન લટકી રહ્યો છે તેઓ જયારથી નોકરી ઉપર લાગ્યા ત્યારથી તેમને શરૂઆતમાં એક દિવસનો બ્રેક આપી અને ફરી પાછા નોકરી ઉપર હાજર કર્યા હતા. આ એક દિવસના બ્રેકના કારણે તેમના ઘણા ઈજાફા, પગાર અને પેન્શનમાં પણ લાભ થાય તેવી બાબત છે. આ મામલે પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી ગાંધી સાહેબ દ્વારા આદેશ થયેલ હોવા છતાં પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં ખેતીવાડી ખાતાને આળસ આવતી હોય તેવું લાગી રહ્યું છે. આ મામલે ગત તારીખ ૮ જુલાઈના રોજ જિલ્લા વિકાસ અધિકારીને આ કર્મચારીઓ પૈકીના બે કર્મચારીઓ મળ્યા હતા અને તેમની હાજરીમાં જ ભટ્ટ સાહેબ દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારીને ફોન ઉપર માહિતી આપી હતી અને આ મામલો ૧૧ જુલાઈના રોજ પૂર્ણ થાય તેવી મૌખિક સુચના પણ આપવામાં આવી હોવા છતાં પણ આજની તારીખ સુધી આ મામલો લટકી રહ્યો છે અને કર્મચારીઓ જેમને તેમ અને કચેરીના વિવિધ ટેબલો ઉપર જઈ પોતાના ચપ્પલ પણ ઘસાઈ ગયા છે. તેમ છતાં પણ જાડી ચામડીના અધિકારીઓ પર કોઈ અસર વર્તાતી નથી અને પોતાના વિભાગમાં બેસીને માત્રને માત્ર ધૃતરાષ્ટ્રની ભુમિકા ભજવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ પ્રશ્ન અંગે તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ જલ્દીથી નહીં લાવવામાં આવે તો આ ૧૭ કર્મચારીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## ઉવારસદના વિકલાંગ પુનર્વાસ કેન્દ્રના કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં મદદનીશ રસોયા તરીકે ફરજ બજાવતા મોહનભાઈ એમ. પંડ્યા તેમજ એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર, માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા ડાહ્યાભાઈ સી. નાડિયાનો વિદાય સમારંભ યોજાઈ ગયો.

સદ્‌વિચાર પરિવારના ટ્રસ્ટીગણ તેમજ સ્વજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત થતા મોહનભાઈ પંડ્યાની છાત્રાલય વિભાગમાં એમની સેવા ફરજોને ત્યાં મદદનીશ શિક્ષક તરીકે નિવૃત્ત થતા ડાહ્યાભાઈ સી. નાડિયાની ફરજો તેમજ સંસ્થા પ્રત્યેની એમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી. નિવૃત્ત થતા બંને કર્મચારી મિત્રોએ આભાર વ્યક્ત કરીને વિકલાંગ વિદ્યાર્થીઓ વધુ શિક્ષણ મેળવીને પ્રગતિના પંથે આગળ વધે તેવા શુભાષિત આપ્યા હતા.

સંસ્થા તરફથી નિવૃત્ત થતા બંને કર્મચારીમિત્રોને સાલ અર્પણ કરીને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ સંસ્થાના કર્મચારી મિત્રો તરફથી મોમેન્ટ સ્મૃતિ સ્વરૂપે ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિકલાંગ વિદ્યાર્થીઓએ પણ ગુરૂજીનો આભાર વ્યક્ત કરીને બતાવેલા માર્ગે આગળ વધવાની ખાતરી આપી હતી. ખૂબજ સુંદર વાતાવરણમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## કચ્છ મિત્ર મંડળનું સ્નેહ મિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના સભ્યોનું બ્રહ્માણી હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે અષાઢી બીજના દિવસે સ્નેહ મિલન યોજાયું હતું.

ગાંધીનગર સ્થિત મોટી સંખ્યામાં કચ્છીઓ સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. કચ્છી સમાજના અમદાવાદના પ્રમુખ કૈલાશદાન ગઢવી અને કચ્છ શ્રુતિ મેગેઝિનના તંત્રી ભરતભાઈ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવા વર્ષની સૌને શુભેચ્છા પાઠવી મેઘલાડુનો આનંદ માણ્યો હતો.

# ઈન્ફોસીટી સમગ્ર સંકુલમાં ૧૬ સીસી ટીવી કેમેરાની વોચ

### રેન્જ આઈજીએ કર્યુ ઈન્ફોસીટી પોલીસ ચોકીનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૫




ગાંધીનગર શહેરમાં ડેવલપમેન્ટ બાદ ઈન્ફોસીટીથી કોબા સુધીનો વિસ્તાર હવે ન્યુ ગાંધીનગર તરીકે વિકસી રહ્યો છે. આ વિસ્તારમાં ધીમે-ધીમે ગુનાખોરી પણ વધવા લાગતા તેને નિયંત્રીત કરવા તથા ન્યુ ગાંધીનગરને કવર કરી શકાય તે માટે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની મંજુરી પણ મળી ગઈ છે. પરંતુ જગ્યાના અભાવે હાલ પુરતી ઈન્ફોસીટી પોલીસ ચોકી શરૂ કરવામાં આવી છે. આજે રેન્જ આઈજીના હસ્તે ઈન્ફોસીટી પોલીસ ચોકીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એક પી.એસ.આઈ. અને ત્રણ પોલીસનો સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક ચોકીમાં ફરજ બજાવશે.

ઈન્ફોસીટી સંકુલ વિસ્તારમાં પણ મોટા ન્યુસન્સ થતાં હોવાની સંખ્યાબંધ રજુઆતોને પગલે આ વિસ્તારને સીસી ટીવી કેમેરાથી સજજ કરી દેવામાં આવ્યો છે. ઈન્ફોસીટી દ્વારા આખા સંકુલમાં ૧૬ સીસી ટીવી



કેમેરા લગાડી પળેપળ રેકોર્ડ થાય તેવી સીસ્ટમ સેટ કરવામાં આવી છે. પોલીસ ચોકીમાંથી જ ઉપરોક્ત તમામ કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવશે. ઈન્ફોસીટી પોલીસ ચોકીનું આજે રેન્જ આઈજી શમશેર સિંઘ દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. પોલીસ ચોકી હવેથી રાઉન્ડ ધ ક્લોક ચાલુ રહેશે અને એક પી.એસ.આઈ. તથા ત્રણ પોલીસ ચોકીમાં ફરજ બજાવશે.

### આજે ગાંધીજીવન દર્શન વિષયે વાર્તાલાપ

ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરના ઉપક્રમે આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા) સેક્ટર-૧૩ જે હાલ આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮માં બેસે છે. તેમાં આજે તા. ૧૬ જુલાઈ-૨૦૧૩ને મંગળવારે સવારે ૧૧.૩૦ કલાકે 'ગાંધીજીવન દર્શન' વિષયે ગાંધી મિત્રવર્તુળના સંયોજક, જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી વાર્તાલાપ આપશે.

### આજથી સ્વામીનારાયણ કથા પારાયણ યોજાશે

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામમાં આવેલા રામજી મંદિરમાં આજે તા. ૧૬થી ૧૮મી જુલાઈ-૨૦૧૩ દરમિયાન દરરોજ રાત્રે ૮ થી ૧૦ કલાકે સ્વામીનારાયણ ભગવાનની કથા પારાયણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ઉવારસદ ગામના ભક્તજનો અને ધર્મપ્રેમીજનો સ્વામીનારાયણ ભગવાનની કથા પારાયણમાં દરરોજ રાત્રે ૮ થી ૧૬ દરમિયાન રામજી મંદિરમાં હાજર રહી કથા સત્સંગ સાંભળશે.

### ઝૂલેલાલ સાંઈબાબા મંદિરે ગુરુપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર શહેરમાં સિંધી પંચાયતના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા ઝૂલેલાલ સાંઈબાબા મંદિરમાં ૨૨મી જુલાઈને સોમવારે સવારે ૫ થી રાત્રે ૯ વાગ્યા ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. ઝૂલેલાલ સાંઈબાબા મંદિર સેક્ટર-૩૦માં ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે તૃતીય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. સવારે ૫ કલાકે કાકડ આરતી, ૫.૪૫ કલાકે મંગલ સ્નાન અભિષેક, ૬.૧૫ કલાકે શૃંગાર આરતી, સવારે ૮ કલાકથી પાદૂકા પૂજન થશે. બપોરે ૧૨ કલાકે મધ્યાહ્‌ન આરતી, સાંજે ૫ કલાકે ધૂપ આરતી, મહા આરતી અને સાંજે ૬ થી ૯ કલાક ભોજન, પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## શાહપુર બ્રીજ પાસે ચાર જણાએ મળીને યુવાનને લુંટી લીધો

### નોકરીએથી બાઈક પર પરત ઘરે જઈ રહ્યો હતો અને રાત્રે પુલના છેડે ઉભા રહેલા ચાર જણાએ મારીને બાઈક સહિત ૨૪ હજારની મત્તા લુંટી લીધી

ગાંધીનગર, તા. ૧૫

રીલાયન્સ મોલમાં નોકરી પતાવીને શાહપુર ગામનો યુવાન રાત્રે સાડાબાર વાગ્યે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે શાહપુર બ્રીજના છેડે બે બાઈક સાથે ઉભેલા ચાર અજાણ્યા શખ્સોએ યુવાનને ઉભો રાખી દઈને માર મારી તેની પાસેથી મોબાઈલ બાઈક તથા ૩૧૦૦ રૂપિયા રોકડા મળી રૂ. ૨૪,૧૦૦ની મત્તા લુંટી લીધી હતી. ચાર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ડભોડા પોલીસે લુંટનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ સી.પી.આઈ.એ શરૂ કરી છે.

શાહપુર ગામના દરબાર વાસમાં રહેતો યુવાન હિમાંશુ કચરાજી સોલંકી રીલાયન્સ મોલમાં નોકરી કરે છે. ગઈકાલે રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં હિમાંશુ બાઈક નોકરીથી ઘરે પરત જઈ રહ્યો હતો તે દરમ્યાન શાહપુર બ્રિજના છેડે બે બાઈક સાથે ચાર શખ્સો ઉભા રહ્યા હતા. ચારેય જણાએ ભેગા થઈને હિમાંશુનું બાઈક ઉભુ રખાવી દીધુ. સુમસામ રસ્તાનો મોકો લઈને ચારેય જણાએ હિમાંશુ સાથે બોલાચાલી કરીને ઝપાઝપી કરી તેને લુંટી લીધો હોવાની ઘટના બનવા પામી છે. હિમાંશુનું બાઈક, મોબાઈલ અને રૂ. ૩૧૦૦ રોકડા મળીને રૂ. ૨૪,૧૦૦ની મત્તાની લુંટ ચલાવી ચારેય અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. હિમાંશુની ફરીયાદને આધારે ડભોડા પોલીસે લુંટનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ લુંટ પ્રકરણની તપાસ સી.પી.આઈ. દ્વારા શરૂ કરવામાં આવી છે.

## ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરના ત્રાસથી વાહનચાલકોમાં ભારે પરેશાની

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના રાજમાર્ગો જાણે ગાય ભેંસ અને નાના વાછરડાનો અડ્ડો બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના માર્ગો પર બેઠેલી ગાયોને લીધે ટુ વ્હીલર ચાલકોને સાવચેતીપૂર્વક ચલાવવું પડે છે. જયારે બસ લકઝરીના ચાલકોએ રીતસર વાહન થોભાવી નીચે ઉતરીને ગાયોને દુર કરવી પડે છે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. રોડ ઉપર અડ્ડો જમાવીને બેસી રહેતી ગાયોને તંત્રના કર્મચારીઓ પકડીને ઢોર ડબામાં પૂરી દે તેવી શહેરીજનોની માંગણી છે.

શહેરના માલધારી સમાજના લોકો પોતાના દુધાળા પશુઓને છુટ્ટા મુકી દે છે સવારે અને સાંજે જ દુધાળા પશુઓને માલધારી ઘરે લઈ જાય છે અને પાછા છુટા મૂકી દે છે. આ પશુઓમાં ગાય, ભેંસ અને નાના વાછરડા હોય છે. જે પહેલા શહેરના સેકટરોના આંતરીક માર્ગો પર બેસી રહેતા હતા પરંતુ જાણે આ પશુઓએ પોતાનું રહેઠાણ બદલ્યું હોય તેમ શહેરના રાજમાર્ગોને પોતાનો અડ્ડો બનાવી દીધો છે. શહેરના સૌથી વધુ ટ્રાફિક વાળા 'ઘ' અને 'ચ' માર્ગ પર રીતસર ગાયો અડ્ડો જમાવીને બેસી જાય છે. વાહન ચાલકો ગમે તેટલું હોર્ન વગાડે તો પણ ગાયો ઉભી થવાનું નામ લેતી નથી અને વાહન ચાલકોને ગાડી બંધ કરીને નીચે ઉતરીને ગાયોને હંકારવાની ફરજ પડે છે. જયારે અચાનક રોડ પર આવી જતાં પશુઓને કારણે ટુ વ્હીલર ચાલકોને સાવચેતી રાખવી પડે છે. છતાંય કેટલાક બાઈક ચાલકોને ગાયોને પરિણામે અકસ્માતનો ભોગ બનવું પડે છે અને નાની મોટી ઈજાઓ પણ પહોંચે છે. પોતાના દુધાળા પશુઓને છુટા મૂકી દેતા માલધારીઓને સબક શીખવાડવા માટે તંત્ર પશુઓને પકડી ઢોર ડબામાં પૂરી દે તેવી શહેરીજનોની માંગણી છે.

## જેસીઆઈ ગાંધીનગર દ્વારા ઉપયોગી સેમીનાર અને તાલીમ કાર્યક્રમો યોજાયા






ગાંધીનગર, તા. ૧૫

ભારત દેશને વિશ્વના સૌથી યુવાન દેશ હોવાનું ગૌરવ પ્રાપ્ત છે ત્યારે આ યુવાનોમાં રહેલી શક્તિ, સામર્થ્ય અને દુરંદેશીને સાચી દિશા આપતી, યુવાનો દ્વારા સંચાલિત અને યુવાનો માટે સતત કાર્યરત સંસ્થા જેસીઆઈ દ્વારા સતત સમાજ ઉપયોગી કાર્યક્રમો અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરતી આવી છે.

સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાની ચળવળને વધુ વેગવંતી બનાવતા સંસ્થાએ છેલ્લા થોડા દિવસોમાં રજાઓ, બાળકો અને યુવાનો એમ ત્રણેય વર્ગો માટે સેમીનાર, વ્યાખ્યાન અને તાલીમનું આયોજન કર્યું હતું.

'શક્તિ' નામક ત્રિદિવસીય સેમીનાર દ્વારા કુદરતી ઉપચાર પદ્ધતિનું મહત્વ જાણીતા કુદરતી ઉપચાર નિષ્ણાંત વંદનાબેન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. જેનું સફળ આયોજન જેસીઆરટી ચેરપર્સન ભૂમિકા નિર્મલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

યુવા સશક્તિકરણના ભાગરૂપે સરઢવ ગામની માધ્યમિક શાળાના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ કેતનનિર્મલ દ્વારા 'ગોલ સેટીંગ' વિષય ઉપર સુંદર વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ઉપ પ્રમુખ શંકરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થા દ્વારા 'અસરકારક વાર્તાલાપ' અને 'પોઝીટીવ એટીટ્યુડ' વિષયો ઉપર તાલીમનું આયોજન થયું હતું અને આ વિષયો પર અનુક્રમે સુરેશ ઠક્કર અને કેતન નિર્મલે તલસ્પર્શી જ્ઞાન તાલીમાર્થીઓને પીરસ્યુ હતુ.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૮ ટકા
વરસાદ ૧ મીમી

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
પૅસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦
ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦
પોલીસગીરી : ૧.૦૦
રાંઝણાઃ ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
પોલીસગીરીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : આવકના સ્રોતોથી વિશિષ્ટ લાભ પ્રાપ્તિનો યોગ. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે ઉત્તમ સમય. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર પરબતજી નાથાજી (ઉ.વ.૩૭) મુ.પો. ધોળાકૂવા, તા. માણસા,જિ. ગાંધીનગર.
- સ્વ. જાદવ જેણાજી બબાજી (ઉ.વ.૬૫) મુ.પો. ફિરોજપુર, તા. માણસા,જિ. ગાંધીનગર.